# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

 24th March, 2015

**૧) ઓણમ :– કેરળનો લોકપ્રિય તહેવાર**

**૨) કુમાર સંગાકારા**

– શ્રીલંકાના લેજન્ડરી બેટસમેન કુમાર સાંગાકારાએ ભારત સામે છેલ્લી ટેસ્ટ રમી કારકીર્દિને અલવિદા કર્યુ.

– છેલ્લી ટેસ્ટ મેચમાં તેણે પ્રથમ અને બીજી ઈનિંગમાં અનુક્રમે ૩૨ અને ૧૮ રન બનાવ્યા હતા.

– આ આખરી મેચ શ્રીલંકાના કોલંબો ખાતે રમાઈ હતી.

– સંગાકારાએ તેની ટેસ્ટ કારકીર્દિમાં ૧૩૪ મેચમાં ૫૭.૪૦ ની સરેરાશથી ૧૨,૪૦૦ રન નોંધાવ્યા છે જેમા ૩૧૯ રન તેનો સર્વોચ્ચ સ્કોર છે.

**૩) માઈકલ કલાર્ક :–**

– એસિઝ શ્રેણીની છેલ્લી મેચ રમી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી.

– તેની સાથે ઓસ્ટ્રેલિયન ટીમના રોજર્સે પણ નિવૃત્તી લીધી.

– કલાર્કે પોતાની છેલ્લી ઈનિંગમાં ૧૫ રન નોંધાવ્યા જયારે રોજર્સે ૪૩ રન કર્યો હતા.

**૪) જાપાન ૧૧૨ વર્ષના વ્યકિત દુનિયાના સૌથી વૃધ્ધ વ્યકિત :–**

– જાપાનના નાગોદા શહેરના પશુતારો કોઈડીને તાજેતરમાં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ધ્વારા દુનિયાનાં સૌથી વૃધ્ધ (૧૧૨ વર્ષ) વ્યકિત જાહેર કરવામાં આવ્યા.

– કોઈડીને જન્મ ૧૩ માર્ચ ૧૯૦૩ના રોજ થયો હતો.

**૫) સિમરન મેકવાનને સરદાર પટેલ એવોર્ડ :–**

– તાજેતરમાં માર્શલ આટર્સ બ્લેક બેલ્ટ ખેલાડી સિમરન મેકવાનને 'ઈન્ટરનેશનલ ચોઈ – કવોન – ડો' સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન બદલ ગુજરાત સરકારના સરદાર પટેલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

– રમત – ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા તેમનું આ સન્માન કરવામાં આવ્યું હતું.

**૬) કેન્દ્ર સરકારનો 'સોલારસિટી' પ્લાન :–**

– ઉર્જા મંત્રાલય દ્વારા દેશના ૫૦ શહેરોને 'સોલારસિટી' બનાવવાના પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે.

– જેમા ગુજરાતના ત્રણ શહેરો ગાંધીનગર, રાજકોટ અને સુરતનો સમાવેશ થાય છે.

– આ યોજના હેઠળ આઠ શહેરોનો વિકાસ 'આદર્શ સૌરશહેર' તરીકે કરાશે. જેમા ગુજરાતના ગાંધીનગરનો સમાવેશ કરાયો છે.

– ૧૫ શહેરોને 'પાઈલટ સૌર શહેર' તરીકે વિકસાવાશે. જેમા રાજકોટનો સમાવેશ થાય છે.

Vivekanand Academy, Gandhinagar